શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૩૬ ● તા. ૧૬ ફેબ્રુઆરી થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ દ્વારા
# ૬૫મો વાર્ષિક ઉત્સવ - કચ્છી મેળો સંપન્ન











ફક્ત જીવતા રહેવું પૂરતું નથી,
જીવનમાં કોઈ મોટું કામ અને
હેતુ પણ હોવો જોઈએ.

- અજ્ઞાત




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
Tel. 9769991922
9833406124

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# અમારી વાત...

## સંપાદક સ્થાનેથી

# સંતાનોના પરમમિત્ર માવતર

વિતી ગયેલો જમાનો વડીલોને આદર માન આપવાનો તેમની આમન્યા જાળવવાનો, તેમની આજ્ઞાનું નત મસ્તકે પાલન કરવાનો હતો. ઘરના વડીલોએ આંકી રાખેલી લક્ષ્મણ રેખા લાંઘવાનું સંતાનો વિચારી પણ ન શકે પરંતુ આજે જમાનો બદલાયો છે. નિતનવી ટેકનોલોજી ને લીધે પત્ર વ્યવહારના ચલણને ચોકડી જ મૂકાઈ ગઈ છે. મોબાઈલ ફોન સૌના હાથમાં હોવાથી સૌ આસાનીથી એકબીજા સાથે ચોવીસ કલાક ટચમાં રહે છે. લાંબે નજીક રહેતા સંતાનો મમ્મી-પપ્પાને ગુડમોર્નિંગ-ગુડનાઈટના મેસેજ કે અન્ય મેસેજ વોટસઅપ પર મોકલતા રહે છે.

આમ આજે માવતર વડીલ કે પૂજ્યનીય કરતાં મિત્રો જેવા વધુ લાગે છે. હસી મજાકની વાત પણ તેમની સાથે શેર કરવામાં કંઈ સંકોચ થતો નથી. આજના નાના, ચોસલા જેવા ઘરોને લીધે પરિવારના સૌ સભ્યો નજીક હોય છે. પણ મહાનગરના ધમાલિયું જીવન અને રાત દિવસ જાગતી સંસ્કૃતિને લીધે સૌ પોતપોતાના કાર્યમાં વ્યસ્ત હોય છે. પુરૂષો વ્યવસાય રોજગારમાં, મહિલાઓ ધર્મપ્રવૃત્તિ, કીટી પાર્ટીમાં કુટુંબના વ્યવહારને ઘર કાર્યમાં, તો સંતાનો સ્કૂલ કોલેજને ટ્યૂશન પ્રવૃત્તિઓમાં, સાઈડ હોબી ક્લાસની પ્રવૃત્તિમાં ગુંથાયેલા હોય છે.

પહેલાના વખતનો રૂઢિચુસ્ત વ્યવહાર હવે રહ્યો નથી. દીકરી તો ક્યારેય પોતાની વાત મા-બાપ સમક્ષ મૂકી ન શકતી. પુત્ર પોતાની મૂંઝવણ વડીલોની સામે વ્યક્ત ન કરી શકે. એ જમાનો હવે રહ્યો નથી. પરંતુ આજે જમાનો સદંતર પરિવર્તિત થઈ ગયો છે. પરિવારના નિખાલસ વાતાવરણને લીધે સંતાનો પોતાની સમસ્યા, મૂંઝવણ મા-બાપ સમક્ષ બેધડક વ્યક્ત કરી શકે છે. અગાઉ આવું મોકળું વાતાવરણ ન મળવાની લીધે સંતાનો ખુલ્લા દિલથી વાત જણાવી ન શકતા. જ્યારે બહારની વ્યક્તિ દ્વારા માવતર સુધી કોઈ વાત પહોંચે ત્યાં સુધી મોડું થઈ ગયું હોય. એથી વાતનું વતેસર થઈ જાય કે એ વાત ને આસાનીથી વાળી શકાય એવી રહી ન હોય.

યુવાનીના કેફમાં સંતાનો મસ્ત થઈ રાહ ભૂલી જઈ અઘટિત સમસ્યા ગળે વળગાડી લે તો વડીલોના સલાહ માર્ગદર્શન અનુભવી દોરવણીથી એ કોયડાનો ઉકેલ સુગમતાથી થઈ શકે છે.

ઘરનું શાંત, સમજણ ભર્યું વાતાવરણ મૈત્રી ભ ર્યો માહોલ હોય તો સંતાનો પોતાને સુરક્ષિત અને સલામતી ભર્યા સમજી શકે છે અને મા-બાપને પોતાના પરમમિત્ર માની ગોપિત વાત પણ જણાવી તેમનું માર્ગદર્શન મેળવી શકે છે માટે જ સંતાનોના પરમમિત્ર પરિવારના માવતર જ છે.

– જય જ્ઞાતિમૈયા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ દ્વારા ૬૫મો વાર્ષિક ઉત્સવ - કચ્છી મેળો સંપન્ન




શ્રી ક. દ. ઓ. વિદ્યાર્થી સંઘ દ્વારા આયોજિત ભવ્ય ૬૫ મો વાર્ષિકોત્સવ 'કચ્છી મેળો - હલ રે વણજારા તોકે કચ્છડો વતાઈયા' તારીખ ૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ રવિવારના શ્રી અનંતનાથજી ગ્રાઉન્ડ કાંજુરમાર્ગ ખાતે સંપન્ન થયું.

કાર્યક્રમમાં ટ્રેડ અને ફન ફેર સાથે સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમ પણ હતા. સવારના ૧૦.૪૫ વાગે સ્પેશ્યલ ગેસ્ટ શ્રીમતી પલ્લવીબેન પાટીલ, સોવિનિયરના મેન સ્પોન્સર શ્રીમતી માનસી જીત પોલડીયા, કાર્યક્રમના દાતાશ્રી શ્રી મુકેશભાઈ મોતીલાલ લોડાયા, પ્રમુખશ્રી હેમીલ જયેશ દંડ અને માનદ મંત્રી કુ.એકતા ઉદયન લોડાયા દ્વારા ફેરનું ઉદ્‌ઘાટન કરવામાં










# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ દ્વારા ૬૫મો વાર્ષિક ઉત્સવ - કચ્છી મેળો સંપન્ન





આવ્યું અને ત્યારબાદ શ્રી નવકાર મહામંત્ર ના સ્મરણ સાથ દીપ પ્રાગટ્ય થયું. મહેમાનો સાથ પ્રમુખ શ્રી હેમીલ દંડ, માનદ્‌મંત્રી કુ.એકતા લોડાયા અને સહ માનદ્‌મંત્રી કુ.લબ્ધી લોડાયા દ્વારા સર્વે ૭૦ સ્ટોલ ની વિઝીટ કરવામાં આવી.

મહેમાનો નું સન્માન કરી તેમનું અભિવાદન કરવામાં આવ્યું. માતુશ્રી કુંવરબાઈ નરસી નાથા મહિલા ગૃહ ઉદ્યોગનું ઉદ્‌ઘાટન પ્રમુખશ્રી હેમિલ દંડ, હિતેનભાઈ બદ્રિકાંત લોડાયા, અને ગૃહ ઉદ્યોગના ચેરમેન શ્રી લેરીનભાઈ ખોના દ્વારા થયું.

વિવિધ ક્ષેત્રોથી લોકોએ આવી જુદી જુદી સામગ્રી અને વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કર્યું. કચ્છથી પણ વેચાણકર્તાઓને











# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ દ્વારા ૬૫મો વાર્ષિક ઉત્સવ – કચ્છી મેળો સંપન્ન




આમંત્રણ આપવામાં આવ્યું હતું.

સંધ્યાકાળ ૫ વાગેથી સ્વાગત નૃત્ય, જાદુ ના શો, કઠપુતલી શૉ, જેવા સ્ટેજ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દાતાશ્રીઓ દ્વારા વિવિધ સ્તરે સફળતા પ્રાપ્ત કરનાર જ્ઞાતિના બાળકોનું સન્માન કરી પ્રોત્સાહન દેવામાં આવ્યું. અને સોવિનીયર વિમોચન કરવામાં આવ્યું.

પ્રમુખ દ્વાર પર વીએસ ગેલેરી અને સેલ્ફી પોઇન્ટનો આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી સંઘના કાર્યકર્તાઓ દ્વારા








# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ દ્વારા ૬૫મો વાર્ષિક ઉત્સવ - કચ્છી મેળો સંપન્ન









સાંસ્કૃતિક કાર્યક્રમનું પ્રદર્શન કરવામાં આવ્યું. બાળકો માટે સ્પેશિયલ રમતગમત શાળા રાખવામાં આવી હતી. આ કાર્યક્રમના મુખ્ય દાતાશ્રી માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા પરિવાર (હસ્તે શ્રી હીરાલાલભાઈ ડાઘા) (વરાડીયા માટુંગા), મુખ્ય સહયોગી દાતાશ્રીઓ શ્રી ભુપેન્દ્રભાઈ દંડ(લાખણીયા સાનપાડા), અને માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર (મોટી ખાવડી -ઘાટકોપર), સહયોગી દાતાશ્રી હંસકુમાર ભવાનજી અરજણ ખીમજી(તેરા - માટુંગા),









# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ દ્વારા ૬૫મો વાર્ષિક ઉત્સવ - કચ્છી મેળો સંપન્ન












શ્રી નરેશભાઈ ભવાનજી મોમાયા (નલિયા-ઘાટકોપર) અને એક સદ્‌ગૃહસ્થ પરિવાર હતા.

શૈક્ષણિક દાતાશ્રીઓ - HD Fire Protect Pvt Ltd અને CA શિવજીભાઇ કુંવરજી વીકમસી (રંગપુર - લાલબાગ) હતા.

સોવિનિયરના મુખ્ય દાતાશ્રી શ્રી વિરેન્દ્રભાઈ કરમશી પોલડીયા (હસ્તે શ્રી જીત પોલડીયા)(રંગપુર -મુલુંડ )હતા.









# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ દ્વારા ૬૫મો વાર્ષિક ઉત્સવ – કચ્છી મેળો સંપન્ન






સર્વે દાતાશ્રીઓનું સન્માન કરી તેમનું અભિવાદન કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય અતિથિ વિશેષ શ્રી હીરાલાલભાઈ હંસરાજ ડાઘા, શ્રી ભુપેન્દ્રભાઈ દંડ, અતિથિવિશેષ શ્રી વિજયભાઈ મોતીલાલ લોડાયા, શ્રી નરેન્દ્રભાઈ વીસનજી ધરમશી, શ્રી નરેશભાઈ ભવાનજી મોમાયા અને શ્રી જીતભાઈ પોલડીયા હતા.

રાતના ૮–૧૦ રાસ ગરબાની રમઝટ જમાવવા નીરવ બારોટ ને બોલાવવા માં આવેલ અને અંતે સફળતા પૂર્વક કાર્યક્રમ સંપન્ન થયેલ.

આ કાર્યક્રમ ને સફળ બનવવા પ્રમુખ શ્રી હેમીલ જયેશ દંડ ના નેતૃત્વ માં ઉપપ્રમુખ શ્રી ઊર્મિન લોડાયા, માનદ્-મંત્રી કુ. એકતા લોડાયા, સહ માનદમંત્રી કુ. લબ્ધી લોડાયા અને શ્રી શુભમ લાપસિયા, માનદ્-કોષાધ્યક્ષ શ્રી ઋષભ પોલડીયા, સહ માનદ્ કોષાધ્યક્ષ










# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ દ્વારા ૬૫મો વાર્ષિક ઉત્સવ - કચ્છી મેળો સંપન્ન











શ્રી પ્રિન્સ ધરમશી અને કુ. શ્રુષ્ટિ લોડાયા, કારોબારી સભ્ય મીત મૈશેરી, ચિરાગ લોડાયા અને અશ્વિન લોડાયા સાથે સંપર્ક સભ્યો ધનિષ્ઠા ધરમશી, ડિમ્પલ જીવાણી, હર્ષિતા પોલડીયા, હેતલ લોડાયા, નિશિતા દંડ, નિતિ મૈશેરી, સિધ્ધિ લોડાયા, ઉર્વી લોડાયા, વિધ્ધિ છેડા, ભવ્ય દંડ, ધર્મીલ નાગડા, ગૌતમ સ. લોડાયા, ગૌતમ ઉ. લોડાયા, જૈનમ નાગડા, હર્ષિત દંડ, હિત દંડ, મોહિત લાપસીયા, પૂર્વેશ લોડાયા, સ્મિત લોડાયા, શ્રુત દંડ, ઉજ્જવલ લોડાયા, ઉર્વેશ છેડા, વિપુલ સોની એ ભારી જહેમત ઉઠાવી હતી.









# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઈ દ્વારા ૬૫મો વાર્ષિક ઉત્સવ - કચ્છી મેળો સંપન્ન
















# ૨૯મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

જન્મ :
તા.૦૧-૦૯-૧૯૨૨



સ્વર્ગવાસ :
તા.૧૪-૦૨-૧૯૯૦

## શા. ધનજી કલ્યાણજી ધરમશી

કેટલાંકના જીવન બીજાને માટે જ હોય છે. બીજાની સેવા કરીને, બીજાને ઉપયોગી થઈને જ તેમને જીવનનો સાચો આનંદ મળતો હોય છે અને જીવનની સાર્થકતા લાગતી હોય છે. આવું જ જીવન તમો જીવી ગયા. આપની ચિર વિદાયને ૨૯ વર્ષ વીતી ગયા પરંતુ પળેપળે આપની હયાતીનો અહેસાસ થયા કરે છે. તમે હમેશા અમારી સાથે જ રહેશો, અમારા દિલમાં, એક જીવંત સ્મરણ રૂપે. પ્રભુ આપની સરળતા અને નમ્રતા, દિલની ઉષ્મા, કૌટુંબિક ભાવના, વાત્સલ્ય કદી વિસરાશે નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના છે.

### માતુશ્રી જવેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી પરિવાર


**Deluxe logistics Pvt Ltd**

**Transport Contractors & Fleet Owners**

**Regd Office:** 25/26, Mahavir Darshan, 2nd Floor, 12, Bhandari Street,
Mumbai - 400 003. Off.Phone - 022 - 40231713 / 14 / 15/ 16 / 17. (5 lines)
**Contact : Tarun Shah - 9820211880**

**Corporate Office :** 'DELUXE HOUSE', No. 55, 2nd Cross, Kalasipalyam New Extension,
Bangalore - 560 002. Ph : 080-2222 4569 / 2223 1718 / 4153 0042 / 4153 0043

**Kirti D. Shah : Director Mob : 98440 04445**

The Fun is always on at
DHARAMSHI RESORTS

**DHARAMSHI RESORTS PVT. LTD.**

Kunigal Road, National Highway 48, Nelamangala,
Bangalore - 562123, Ph : (91) (80) 27700257, 27700263

**DHARAMSHI HOLDINGS & DEVELOPERS PVT. LTD.**

# ઉમરગામ સંઘમાં ઉપકરણ કક્ષનું ઉદ્‌ઘાટન કરાયુ






સોમવાર તા. ૧૨ ફેબ્રુઆરી રોજે ઉમરગામ સંઘમાં પ.પૂ.ઉદય રત્નસાગરજી મ.સા. અને યુવા મુની ગુણવલ્લભ સાગરજી મ.સા.આદિઠાણાના નિશ્રામાં સંઘના ઉપકરણ કક્ષનું ઉદ્‌ઘાટન થયેલ. આ અવસરે સંઘ દ્વારા પ.પૂ.ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા.ના ૩૯મી દીક્ષા નિધિની ભાવપૂર્વક અનુમોદના સકલસંઘ દ્વારા કરાઈ આનંદ વ્યક્ત કરાયો હતો.






## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ઉમરગામ નગરે યક્ષદેવની પ્રતિષ્ઠા કરાઈ





ઉંમરગામ ની પાવન ધરા પર આધ્યાત્મયોગી ગુરુદેવ ઉદયરત્નસાગર જી મ. સા. અને યુવા મુનિ ગુણવલ્લભસાગર જી મ. સા. ની મન્ગલ નિશ્રા માં આજે અચગચ્છ દેરાસર માં સન્મુખ યક્ષદેવ ની પ્રતિષ્ઠા કરાઈ. આ શુભ અવસરે ગુરુદેવ દ્વારા સહુનું મંગળ થાઓ ના આશીર્વાદ અપાયાં અને શ્રીસંઘ દવારા અનુમોદના કરાઈ. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓના સહભાગથી પ્રસંગ સોહામણો થયો હતો.



# ગિરનારમાં દીક્ષા મહોત્સવ યોજાયો





પ.પુ.અચલગચ્છાધિપતિ આ. ભ. ગુણોદય સાગર સુરીશ્વરજી મ.સા., આ.ભ.કલાપ્રભ સાગરસુરીશ્વરજી મ.સા., આ.ભ. વીરભદ્ર સાગર સુરીશ્વરજી મ.સા. સહિત વિશાલ સાધુ-સાધ્વીજી ભગવન્તોની નિશ્રા અને ચતુર્વિધ સંઘની હાજરી માં ગિરનાર તીર્થે દીક્ષા મહોત્સવ થયેલ. નૂતનદિક્ષાર્થીનું નામ મહોત્સવરક્ષિત સાગરજી મ.સા.

## ભુજના માનવજ્યોત સંસ્થાના પ્રબોધ મુનવરને રાજ્યપાલ શ્રીનાં વરદ્ હસ્તે ''ગ્લોરી ઓફ ગુજરાત'' એવોર્ડ અર્પણ



ઈન્ડીયન કાઉન્સીલ ઓફ સોશ્યલ વેલ્ફેર અમદાવાદ દ્વારા માનવજ્યોત સંસ્થા ભુજનાં શ્રી પ્રબોધ મુનવરને તા.૧૫-૨ના રોજ સાંજે ૫.૩૦ કલાકે રાજભવન ગાંધીનગર મધ્યે રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીજીમાં વરદ્ હસ્તે ''ગ્લોરી ઓફ ગુજરાત'' એવોર્ડ-૨૦૧૮, અર્પણ કરવામાં આવ્યો. આ એવોર્ડ કચ્છ જિલ્લામાંથી તેમની માનવસેવા-જીવદયા, પર્યાવરણની પ્રવૃત્તિઓ અને ગુમ થયેલા લોકોને શોધી આપવાની સર્વ શ્રેષ્ઠ કામગીરીને લક્ષમાં રાખીને એવોર્ડ આપવામાં આવ્યો છે.


**જ્ઞાતિમૈયા** માં

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસએપ પર મોકલો**

**9769991922**

**9820302853**

**9322257731**

# મેરૂપ્રભ શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૫૮મી વર્ષગાંઠનો ત્રિદિવસીય મંગલ કાર્યક્રમ સુભગપણે સંપન્ન





જૈન મહાતીર્થ કોઠારા નગર મધ્યે શેઠશ્રી વેલજી માલુ, શેઠશ્રી શીવજી નેણશી, મુકુટ મણિ શેઠશ્રી કેશવજી નાયક દ્વારા સ્થાપિત મેરૂપ્રભ શ્રી શાંતિનાથજી જિનાલયનો ૧૫૮મો ધ્વજા મહોત્સવની વર્ષગાંઠનો મંગલ કાર્યક્રમ તા.૧૪ ફેબ્રુઆરી ગુરૂવારથી તા.૧૬ ફેબ્રુઆરી શનિવાર સુધી ભવ્યતાથી યોજાયો.

ગુરૂવાર તા.૧૪ રોજે પંચકલ્યાણ પૂજા, રાત્રે પ્રભુજીની ભાવના-આરતી-મંગલ દિવો જગાડાયો. દ્વિતીય દિવસે શુક્રવારે તા.૧૫ ફેબ્રુઆરી રોજે બપોરે ૧૨.૩૯ કલાકે શ્રી પ્રભુજીના અઢાર અભિષેક થયા. સાંજ સમયે સાધર્મિક ભક્તિ, રાત્રે પ્રભુજીની ભાવના અને મહાઆરતી અંગે મંગલ દિવો.



તા.૧૬ ફેબ્રુઆરી શનિવાર તૃતીય દિને સવારે ૮.૩૦ કલાકે સત્તર ભેદી પૂજા અને ધ્વજારોહણ મંત્રોચ્ચારણ અને મંગલ ભાવના સાથે કરાઈ. બપોરના સ્વામી વાત્સલયના લાભાર્થી માતુશ્રી હીરાવંતી ખેતશી દેવશી દંડ પરિવાર રહ્યાં હતા.

સમગ્ર પ્રસંગે વિધિકાર જીગ્નેશ સંઘવી માધાપરવાળા અને સંગીતકાર પ્રવીણ ગોર તથા નેહા પટેલ એન્ડ પાર્ટી ભુજવાળા પધારયા હતા. સકળ સંઘના સહભાગથી ધર્મ પ્રસંગ રૂડી રીતે સોહામણો થઈ શોભી ઉઠ્યો હતો.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# કચ્છ વારાપધ્ધરમાં ધ્વજા મહોત્સવ રંગેચંગે ઉજવાયો




વારાપધ્ધર નગરના ઐતિહાસિક જિનાલયની ૧૫૮મી ધ્વજા મહોત્સવ કાર્યક્રમ રંગેચંગે ઉજવણી સાથે પ.પૂ.સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં સંપન્ન થયો. વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર ભાગ લીધો હતો. સ્થાનિક તેમજ બહારગામના ભાવિકોની ઉપસ્થિતિ રહી હતી.





# સાંધવતીર્થ નગરે શાંતિનાથ દાદા જિનાલયનો ૧૫૩મો ધ્વજા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન





તા.૧૬ ફેબ્રુઆરી શનિવાર રોજે સાંધવ તીર્થના શાંતિનાથ દાદા જિનાલયનો ૧૫૩ મી ધ્વજા મહોત્સવની વર્ષગાંઠનો મંગલોત્સવ પ.પુ.મુક્તિરત્નસાગરજી મ.સા ની નિશ્રામાં ભવ્યતાથી સંપન્ન થયો. વિધિકાર કેવલ સાવલા હતા. સકલ સંઘની ઉપસ્થિતિને લીધે પ્રસંગ રૂડો બન્યો હતો.









# ગિરનાર મહાતીર્થમાં કચ્છી ભવન જિનાલયમાં ધજામહોત્સવ





ગિરનાર મહાર્તીથમાં કચ્છીભવનના આંગણે જિનાલયની શનિવાર તા. ૯ ફેબ્રુઆરી રોજે મ.સા.પ.પૂ.આ.ભ. વીરભદ્ર સાગર સૂરીશ્વરજી મ.સા.આ.ભ. કલાપ્રભ સાગર સુરિશ્વરજી અને ચતુર્વિધ સંઘના શ્રાવક-શ્રાવિકાઓની ઉપસ્થિતિમાં વિધિકાર ચિરાગ સંગોઈ સંગાથે ધજામહોત્સવ ઉજવાયેલ તથા ક્ષેત્રપાલ દેવની પ્રતિમાની સ્થાપના કરાઈ હતી.




# નાહુર નૂતન જિનાલયનો પ્રતિષ્ઠા ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન





પ.પૂ.તપાગચ્છાધિપતિ આ.શ્રી.વિ.પ્રેમસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. આ.શ્રી.વિ. કુલચંદ્ર સૂરીશ્વરજી (કે.સી.) મ.સા. આદિ તથા પૂ.સા.શ્રી હિતદર્શિતા શ્રીજી મ.સા. તથા પૂ.સા.શ્રીય આગમદર્શિના શ્રીજી મ.સા. આદિ તથા ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં તા.૧૧ ફેબ્રુઆરી સોમવાર રોજે ૐ પુણ્યાહાં પુણાયંહા ના નાદ સાથે નાહૂર મધ્યે શ્રી ભાગ્યોદય પ્રાર્શ્વનાથ આદિ જિનબિંબોનો પ્રતિષ્ઠા મહોત્સવ નૂતન જિનાલયમાં ભવ્યરીતે સંપન્ન થયો હતો.



સવારે શુભમુર્હુત પ્રભુજીનો ગભારામાં પ્રવેશ થયો હતો. ત્યારબાદ ૧૦.૦૦ કલાકના શુભલગ્ને-શુભ નવાંશે શ્રી ભાગ્યોદય પાર્શ્વનાથ, શ્રી આદિનાથ, શ્રી શાંતિનાથ, શ્રી મુનિસુવ્રત સ્વામી, શ્રી નેમિનાથ દાદા, શ્રી ગૌતમ સ્વામી, શ્રી રાજેન્દ્ર સુરિમ, શ્રી માણીભદ્રવીર, શ્રી નાકોડાભૈરવજી, શ્રી પાર્શ્વયક્ષ, શ્રી પદ્માવતી દેવી, શ્રી મહાલક્ષ્મી દેવી તથા શ્રી સરસ્વતી દેવી આદિ બિંબોનો તથા મંગલમૂર્તિ આદિનો મંગલમય પ્રતિષ્ઠા ભવ્યરીતે સંપન્ન થઈ પ્રતિષ્ઠા બાદ મુખ્ય લાભાર્થી પરિવારને સમસ્ત મુંબઈ જૈન સંઘ દ્વારા ભામાશા એવોર્ડ પણ અર્પણ કરવામા આવ્યો હતો. તથા પ્રતિષ્ઠા બાદ સકલશ્રી સંઘને મંગલાચરણ તથા બૃહદશાંતિનો પાઠ સંભળાવ્યો હતો. આ દરમ્યાન પૂજ્યશ્રીએ જણાવ્યું હતું. કે આ પરિવારે આ સ્વદ્રવ્યથી પાંચમું જિનાલય બનાવ્યું છે. જે ખરે ખર અનુમોદનીય છે. આમ તો દરેક શ્રાવકને ભાવના હોય કે હું એક ભગવાન ભરાવું પણ આ પરિવારે તો અત્યાર સુધી અનેક ભગવાનો ભરાવ્યા છે અને ૫ સંપૂર્ણ જિનાલયો બનાવ્યા છે. ખરે ખર આ પરિવાર જિનશાસનનો એક ધર્મપ્રેમી અને શાસનરત્ન પરિવાર છે આમ પૂજ્યશ્રીએ તથા ઉપસ્થિત તમામ વિશાળ જનમેદનીએ લાભાર્થી પરિવાર ખુબ ખુબ અનુમોદના કરી હતી. ત્યારબાદ બપોરે વિશ્વ શાંતિને કરનાર શ્રી શાંતિસ્નાત્રનું વિધાન યોજાયું હતું. આમ પ્રતિષ્ઠા મહોત્સવ આનંદ ઉલ્લાસ સાથે રંગેચંગે સંપન્ન થયો હતો.

તા.૧૨ ફેબ્રુઆરી મંગળવારે નૂતન જિનાલયનું પ્રથમ ધ્વારોદ્‌ઘાટન થયું તથા સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી. ત્યારબાદ પૂજ્યશ્રી ઝવેર રોડ દેરાસર મુલુંડમાં સ્થિરતા કરી અને તા.૧૩ ફેબ્રુઆરી બુધવારે વર્ધમાન નગર પધારયા. તા. ૧૪/૧૫ ફેબ્રુ. પૂજ્યશ્રી ઠાણા નગરે પધરામણી કરી સ્થિરતા કરી હતી.

# વાલવોડ તીર્થે ધ્યાન સાધના શિબિર

મહીસાગર નદી કિનારે નૈસર્ગિક, પ્રાકૃતિક, રમણીય વાતાવરણમાં  પ્રાચીન અને પ્રભાવશાળી શ્રી વાલવોડ તીર્થે ૧૫થી ૬૦વર્ષ ની ઉંમરના શ્રાવક શ્રાવિકાઓ માટે આધ્યાત્મયોગી ગુરુદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. અને યુવા હૃદય સમ્રાટ મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ની ગરીમામયી નિશ્રામાં ધ્યાન સાધના શિબિર ગુરૂવાર, તા. ૨૧/૦૩/૨૦૧૯ થી શનિવાર, ૨૩/૩/૨૦૧૯ના હોળી અને ધુળેટી ના દિવસે શ્રી ચન્દ્રપ્રભ સ્વામી જૈન તીર્થ વાલવોડ તા બોરસદ જી વડોદરા ગુજરાત મધ્યે યોજાઈ છે.

બોરસદથી ૧૭ કિ.મી. અને વડોદરાથી ૩૫કી.મી. અંતરે. જગતને ઓળખવાની આજ સુધી ઘણી મેહનત કરી. ચાલો હવે પ્રયત્ન જાતને ઓળખવાનો કરીયે. મતલબી રિલેશનશિપ ની નશ્વરતા છોડી, શાશ્વત એવા આત્માને સાથે સબંધ જોડીએ. મન્ત્ર યુગ અને યન્ત્ર યુગની પુર્ણાહુતી બાદ હવે શરૂ થયી ગયેલ ચિત્ત શક્તિ ના યુગ સાથે જોડાણ કરીએ. મનની આકૂળતા વ્યાકુળતા છોડી  શાંત સ્થિર અને નિર્મળતા તરફ આગળ વધીયે.

આ શિબિરમાં ભાગ લેવા ફોર્મ ભરી રૂા.૫૦૦ રીફંડેબલ ડીપોઝિટ ભરવાની રહેશે. ભાગ લેનાર સાધકોના દરરોજ વિવિધ ધ્યાનના ચાર સેશન રહેશે. આ સેશન થીઅરી અને પ્રેક્ટીકલ બન્ને સાથે રહેશે. મોબાઈલ ફોન સંપૂર્ણ નિષેધ છે.

સાધકોએ જરૂરી સામગ્રી, વસ્ત્રો સિવાય, ૨ જોડી સફેદ વસ્ત્રો લાવવા. સાધકોએ બિયાસણ કરવાના રહેશે. સાધકોએ ૨૦ માર્ચ સાંજે શિબિર સ્થળે પહોંચવાનું રહેશે. આવવા જવાની ટિકિટ પોતાની રીતે કરવી. રહેવા-જમવાની વ્યવસ્થા આયોજકો દ્વારા કરાશે. ફોર્મ સંપૂર્ણ ભરી ફોટો કાઢી ૯૭૫૭૨૧૯૫૨૭ ઉપર મોકલવું. ફોર્મ પાસ થયા બાદ મેસેજ દ્વારા જણાવવામાં આવશે ત્યારે આવવા જવાની ટિકિટ લેવી. મર્યાદિત સાધકો લેવાના હોવાથી સત્વરે ફોર્મ શ્રી ચારિત્રરત્ન ફાઉન્ડેશન ચેરિટબલ ટ્રસ્ટ-મુંબઈ, ૨૫, કેશવજી નાયક રોડ, દેવજી મેઘજીનો માળો, ૧લે માળે, ભાત બજાર મુંબઈથી મેળવી ભરવા.

વધુ વિગત માટે સપંર્ક - રામજીભાઈ ધરોડ, મો.નં.: ૯૩૨૩૧૯૧૦૫૦નો સંપર્ક કરવો.



# મુલુંડમાં પ્રથમવાર ફેક્ટરી આઉટલેટ શોરૂમ

## નવા કલેશન પર 10 % ડિસ્કાઉન્ટ



## અશ્વ એથનિક્સ

પ્રસંગ પરિધાનનું મથક

શેરવાની • કુર્તા • જેકેટ્સ • સુટ

સગાઇ, લગ્ન પ્રસંગ જેમજ પાર્ટી અને વિવિધ પ્રસંગોને અનુરૂપ
આપને ગમતી ડિઝાઇન, કલર પસંદગી સાથે આપનો નિખારતું

પુરૂષોની પ્રથમ પસંદગી
ગ્રાહકની ઇચ્છા માંગ અને જરૂરિઆત અનુરૂપ પૌરૂષત્વને
નિખારતું પરિધાન એકવારની મુલાકાત-સદાયનો થશે સંગાથ

વિશિષ્ટતા
કસ્ટમાઇઝડ
ડિઝાઇન

**ફેક્ટરી આઉટલેટ**
૧૫ સી, શાંતિ ઇન્ડસ્ટ્રીઝ,
સરોજીની નાયડુ રોડ, તાંબેનગર, મુલુંડ (વેસ્ટ)
સમય : સવારે ૧૧.૩૦ થી ૮.૦૦ (ગુરૂવારે બંધ)
વધુ વિગત માટે સંપર્ક

**Call : 8169873626**

**ખાસ વિશિષ્ટતા-ચુડીદાર સુટ, શેરવાની સુટ અને ધોતી સુટ, સ્પે. રાજનીતિ મોદી સુટ**

# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.



**Name : Tushar Rajendra Momaya**

**Add. :** 401-A, Spectrum, Dr. M.P.Vaidya Marg, Tilak Road, Ghatkopar (East), Mumbai- 400 077.

**Contact :** 93200 10852 / 9920018317

**Email :** rdmrifs@gmail.com

**Personal Details**

**Date of Birth :** 03-08-1987

**Time of Birth :** Morning 06:12 a.m.

**Place of Birth :** Ghatkopar

**Height :** 5'.5'

**Weight :** 70 kgs.

**Skin Color :** Fair Whitish

**Education :** B.Com. (Banking Insurance)

**Higher Educ :** LLB, LLM, Preparing to appear Supreme Court Exam

**Career :** Advocate High Court : Associated Lawyer, M/s Harish Salve Senior Counsel Supreme Court. Looking Bombay High Court Matters.

**Other Details :**

**Mother Tongue :** Gujarati

**Life Ideology :** Religious, Caring, Friendly, Simple

**Religion :** Jain Cast : Kutchi Dasa Oswal (KDO)

**Native :** Kutch Naliya

**Home :** Ownership 3 BHK 1025 Sq. Feet

**Family Details :**

**Father :** Rajendra Devshi Momaya (B.Com) Share Broking / Investments

**Mother :** Usha Rajendra Momaya (SSC) House Wife

**Brother :** Janak Rajendra Momaya (MBA) Dpt. Manager Axis Bank Gold Loan

**Bhabhi :** Bijal Janak Momaya (B.Ed.) Teacher Garodia International School

**Dada :** Late Shri Devshi Dungarshi Momaya (LLB)

**Dadi :** Late Smt. Prabhavati Devshi Momaya (B.Ed.)

**Uncle :** Bharat Devsh Momaya (CA) Thana

**Foiba :** Smt. Vandana Hanskumar Daulat (BA), Parel

**Mama :** Hanskumar Shamji Shah (B.Com) Business (Mulund West)

**Gyatimaiya KDO Mahajan Code No. B-18**



**Name : Ekta Piyush Knatilal Soni**

**DOB:** 08-03-1992

**Birth time :** 02:50 pm

**Place of Birth :** Mulund

**Height :** 5'2"

**Weight :** 52 kg

**Blood Group :** B+ve

**Complexion :** Wheatish

**Education :** Bcom

**Native Place :** Sayara

**Profession :** Tour Advisor in Heena Tours & Tavels, Ghatkopar East

**Positive Strength :** Simple, Positive Thinking, Calm Nature, Modern Thinking

**Father :** Piyush Kantilal Tokershi Soni

**Mother :** Urvashi (Vijya) Piyush Soni

**Sister :** Chandni Piyush Soni

**Dadana :** Veenaben Kantilal Tokershi Soni

**Nanana :** Laxmiben Narshi Padamshi Meisheri (Mulund - Sindhodi nani)

**Residence:** 12, Satyakam CHS, S.N. Road, Near Rationing Mulund West, Mumbai 400080.

**Contact :** 09619188897 (Mami - Indira Meisheri)

**Gyatimaiya KDO Mahajan Code No. G-19**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# ગુરૂગુણનંદન પ.પૂ. ગુરૂદેવશ્રી ઉદયરત્ન સાગરજી મ.સા.નો ૩૯મો દીક્ષા જયંતિ પર્વ



ગુરૂ સર્વોદય કૃપા પાત્ર અધ્યાત્મ યોગી સાધના સમ્રાટ ગુરૂ ગુણનંદન પ.પૂ.ગુરૂદેવ ઉદયરત્ન સાગરજી મ.સા. તા.૧૧ ફેબ્રુઆરી સોમવારના ૩૯ દીક્ષાજયંતિ તિથિ પ્રસંગે સંઘના શ્રાવક શ્રાવિકાઓએ વિશેષ વંદના કરી હતી. પૂજ્ય શ્રીનું ગુજરાત સંજયમાં મંગલ પ્રવશે પ્રસંગે સંઘમાં આનંદ વ્યાપી ગયો છે. વાપી, વલસાડ નવસારી, સુરત, અંકલેશ્વર, ભરૂચ, વડોદરા, અમદાવાર, રાજકોટ નગરના અચલગચ્છ સંઘોમાં ગુરૂભક્તિની ખુશી લહેર પ્રસરી છે.

# માટુંગા સંઘના આંગણે યુવા શિબિર આયોજન

પ્રવચન પ્રભાવક, ગચ્છ ગૌરવ શંત્રુજય બાળ યુવા ૯૯ યાત્રાના સફળ સુકાની પ.પૂ.દેવરત્ન સાગરજી મ.સા.ની વાર્ષિક ૫ મી પુણ્યતિથિના ઉપલક્ષમાં શ્રી ગુણસિંધુ પરિવારોના ઉપક્રમે આર્યરક્ષિત ધર્મરક્ષક જૈન સંઘના સથવારે દાતા પરિવારના સહયોગે માટુંગા સંઘના આંગણે સન્ડે, વન ડે અને ફૂલ ડે યુવા શિબિરનું ભવ્ય આયોજન તા. ૧૬ જૂન ૨૦૧૯ રવિવાર સવારે ૭ થી સાંજે ૭ સુધી નારાણજી શામજી વાડી માટુંગા(ઈ) સે.રે. મધે આયોજિત કરેલ છે. આજની મોર્ડન યુવાપેઢી પાગલ છે ત્રણ એમની પછવાડે જેને એના વગર ચાલતું નથી. મની. મોબાઈલ અને મીસ અને ડે ઉપકારી છે તેને ભુલી ગયો છે. તેનાથી દૂર દૂર ભાગી રહ્યો છે. આ રાહ ભૂલેલ યુવા પેઢી નજીક લાવવાનો એક નમ્ર પ્રયાસ આ યુવા શિબિરમાં કરાશે. એક દિન ગુરૂદેવ કે નામમાં પાવન સાનિધ્ય દેવ પરિવાર તથા અન્ય સાધુ સાધવીજી ભગવંતો અને પ્રસિદ્ધ કલાકારો કાર્યક્રમ રજૂ કરશે. અશ્વિનભાઈ જોષી(અમદાવાદ) પારસભાઈ પંડિતજી તથા હર્ષ દેઢિયા. એક પગલું પરમ તરફ, મા, મહાત્મા અને પરમાત્મા ત્રણેય ઉપકારી 'મા'ને કેન્દ્રમાં રાખી આખા દિવસના એક ભરચક અને ઉપયોગી ધ્યેય લક્ષી કાર્યક્રમમાં પધારવા સૌને ગુણસિંધુ પરિવાર આમંત્રણે છે.


ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977



Bipin Nagda
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.
India's Leading Agent
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
Mob. : 9323525000
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com



VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait
- Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station,
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છની અગ્રીમ ગ્રામીણ કેળવણી સંસ્થા સારસ્વતમનું પચાસમું વર્ષ ચાલી રહ્યું છે. તેની ઉજવણીવા ભાગ રૂપે ૨૦ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ વચ્ચે રમત ગમત સ્પર્ધા યોજાઈ.

● ક.વી.ઓ.જૈન મહાજન સંચાલિત રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેકઅપ સેન્ટરમાં ભોજાય સર્વોદય ટ્રસ્ટ તથા તરલાબેન જયંતભાઈ છેડા (પ્રિન્સ ગ્રુપ)ના સૌજન્યથી નિઃશુલ્ક સ્ત્રીરોગ નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો. આ કેમ્પમાં દર્દીઓને દવાઓ પણ નિઃશુલ્ક અપાઈ.

● શ્રી રામકૃષ્ણ સેવા મંડળ–બિદડા દ્વારા બે વર્ષથી વિવિધ સામાજિક કાર્યો કરાઈ રહ્યાં છે. શારદા નિકેતન–મમતા કિડ્સ નામથી શાળા પણ ચલાવાય છે. તાજેતરમાં મા શારદા મહિલામંડળ નામે નવો પ્રોજેક્ટ શરૂ કરાયો છે. જેમાં રોજગાર કરવા ઈચ્છુક મહિલાઓને તેમની આવડત મુજબ સિલાઈ, ભરતકામ જેવી કલા દર્શાવવામાં મંડળ મદદ કરશે. જેમાં વિખ્યાત શ્રુજન સંસ્થા પણ સહયોગ આપશે.

● પ્રથમ ગુરૂનો ગુરૂદ્વારા ગણાતા લખપતના ઐતિહાસિક શીખ મંદિરમાં ગુરૂનાનકના ચરણો પડ્યા હતા. ૧૫મી સદીમાં સાઉદી અરેબિયાના મક્કા મદિનાની ધર્મ પ્રચાર યાત્રા દરમિયાન ગુરૂનાનક દેવજી લખપત આવ્યા હતા અને કેટલાક દિવસ મુકામ કર્યો હતો. આ પવિત્ર જગ્યાએ તેમની અંગત વસ્તુઓમાં ચરણ પાદુકા, પાલખી, શણગારેલો ઝૂળો, હસ્તલખ, સ્મૃતિ ચિહ્ન વિગેરે અત્રે રાખેલા છે. ગુરૂ ગોવિંદજી પ્રકાશવર્ષની ઉજવણી પ્રસંગે લખપત ખાતેના ગુરૂ દ્વારાના વિકાસ અને વિસ્તરણનું કાર્ય પાંચ કરોડના ખર્ચે કરાશે.

● કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના પ્રયાસોના ભાગરૂપે ભુજની ઓલ્સરે ટ્રિક્સ અને ગાયનેક સોસાયટી દ્વારા‘‘બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન ના જનજાગૃતિ અર્થે વોકાથોન યોજાઈ જેમાં તબીબો, છાત્રો, દોડવીરો ઉત્સાહ ભેર ભાગ લીધો હતો. યોગ કરવા સાથે પ્રારંભ કરાયો હતો.’’

● દુષ્કાળના કપરા કાળમાં સીમાડામાં કયાંય નામ માત્રનું ઘાસ નથી અને પશુધનને પીવામાટે પણ નથી. ત્યારે નખત્રાણા તાલુકાના બેરૂ વ્યાર અને જાડાય ગામના સીમાડામાં અબોલ પશુધનને બચાવવા માટે ચંદનસિંહ રાઠોડ, યશવંતસિંહ રાઠોડ અન વેરશી રબારીના સંયુક્ત પ્રયાસથી પશુઓ માટે પોતાની વાડીમાંથી એક નાનકડી તળાવડી ભરીને જીવદયા માટે એક ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

● તેરાની ભાનુશાલી ગોમતીબેન નારણજી ભદ્રા હાઈસ્કૂલમાં ગીતા જયંતિ ઊજવાઈ. આપ્રસંગે આચાર્ય પ્રફૂલ્લભાઈ વીડજા અને મદદનીશ શિક્ષક ધર્મેન્દ્ર કારિયાએ ગીતાગ્રંથનું મહત્વ સમજાવ્યું. ગીતાએ જીવનગ્રંથ છે એ નામક વકતૃત્વ સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધા યોજાઈ હતી.

● માનસિક તણાવ અને આપઘાતના નકારાત્મક વિચારોથી પીડિત લોકોની સહાય માટે અક્ષર આયુર્વેદિક મલ્ટિસ્પેશ્યાલીટી હૉસ્પિટલ ખાતે ઓમ ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્ય યોગ સાઈકો થેરેપી સેન્ટરનો ગાંધીધામ ખાતે આરંભ કરાયો. ફાઉન્ડેશન દ્વારા સાઈકોથેરપી ગ્રુપ બીના સુસાઈડ પ્રિવેન્શન સત્રોના આયોજન ગાંધીધામ આદિપુર અને ભુજ ખાતે કરવાનું નક્કી કર્યુ છે. આરોગ્ય જાગૃતિથી આવા બનાવો ચોક્કસપણે અટકાવી શકાય છે.

● લોકોમાં વિજ્ઞાન વિષયે જાગૃતતા અને અભિરૂચિ કેળવાય તે હેતુથી રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા ૮૫ કરોડના ખર્ચે ભુજમાં ડુંગર પાસે રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમની મુખ્ય મંત્રી વિજય રૂપાણીના હસ્તે ખાત મુર્હૂત વિધિ કરાઈ. ૧૦ એકર જમીન પર ૬૧૦૦ ચો.મી.નું બાંધકામ કરવામાં આવશે. આ મ્યુઝિયમમાં વિજ્ઞાનના વિવિધ વિષયોને આવરી લેતી થીમ બેઈઝ આધારિત ગેલેરી, એનર્જી એજ્યુકેશન ગેલેરી, બ્રોન્સાઈ ગેલેરી, મરીન નેવિગેશન ગેલેરી, નેનો ટેકનોલોજી ગેલેરી અને ફિલ્ડ મેડલ ગેલેરી વિગેરેનો સમાવેશ કરાશે.

# જીવન ઘટમાળ

**● જન્મ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૨-૨૦૧૯ | ગાંધીધામ | ખિયારા, હેતલ મિકીર લહેરચંદ આણંદજી ખોના | સાંધવ | કન્યા |

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૨-૨૦૧૯ | દિવા | દેવાંગ ગુલાબચંદ અરજણ મોતા | વાંકું | ૩૭ |
| | મુલુંડ | વેનીકા ખુશાલ ચંદુલાલ ખોના | જખૌ | ૩૨ |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૨-૨૦૧૯ | દહીંસર | હિરલ લક્ષ્મીચંદ મુરજી કેનિયા | કપાયા | ૩૨ |
| | ડોંબિવલી | ઉર્વશી નીતિન કાંતિલાલ શાહ (નાગડા) | જખૌ | ૩૨ |
| ૧૦-૦૨-૨૦૧૯ | ખીર્કિયા | ડૉ.કુશલ ગિરીશ મણીલાલ નાગડા | લાલા | ૩૨ |
| | સિહોર | સ્વીટી નરેશકુમારજી ઈન્દ્રમલજી સુરાણા | ભાખરી | ૩૧ |
| ૧૨-૦૨-૨૦૧૯ | ચર્ચગેટ | દર્શ બંદિશ શશીકાંત મહેતા | દ્વારકા | ૨૮ |
| | વડાલા | અનિસા ધીરેન લક્ષ્મીચંદ મોતા | લાખણીયા | ૨૮ |

**● જ્ઞાતિ લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૧-૨૦૧૯ | ડોંબિવલી | દીપ નીલેશ વીરચંદ મોતા | કોઠારા | ૨૭ |
| | મુલુંડ | ચાંદની જીતેન્દ્ર હીરાચંદ ખોના | વાંકું | ૨૫ |
| ૦૩-૦૨-૨૦૧૯ | નીમચ | ભાવીલ દિપક નવીનચંદ્ર મોતા | સુથરી | ૨૪ |
| | મુલુંડ | જીનલ પ્રફુલ આણંદજી મોતા | કોઠારા | ૨૩ |
| ૧૦-૦૨-૨૦૧૯ | સાંયરા | મેહુલ પ્રવીણ ખીમજી મોમાયા | હુબલી | ૨૮ |
| | સુથરી | માનસી મયુર ધરમશી | ધુલિયા | ૨૮ |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૨-૨૦૧૯ | મસ્જિદબંદર | નવલબાઈ મુલજી લોડાયા | આરીખાણા | ૭૯ |
| ૧૦-૦૨-૨૦૧૯ | માટુંગા | જ્યોતિ ચીમનલાલ ખોના | નલીયા | ૬૨ |
| ૧૩-૦૨-૨૦૧૯ | હુબલી | લહેરચંદ નરશી મોમાયા | સાંયરા | ૬૭ |
| ૧૩-૦૨-૨૦૧૯ | નવી મુંબઈ વડાલા | મુકુંદ ઉમરશી મોમાયા | રાયધણજર | ૫૭ |
| ૧૬-૦૨-૨૦૧૯ | ભાંડુપ (પ.) | વંદના મુરજી મૈશેરી | સિંધોડી મોટી | ૫૫ |


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# SHREE K.D.O. STUDENTS ASSOCIATION

## PAYS HOMAGE TO THE FOUNDER PRESIDENT



**CA SHRI SHIVJI KUNVERJI VIKAMSEY**
(Ranpur - Lalbaug)
1927 - 2018

*He never looked for praises He was never one to boast*
*He just went on quietly working, For the ones he loved the most.*
*His dreams were seldom spoken His wants were very few and*
*most of the time his worries went unspoken too...*
*He was there - A firm foundation through all our storms of life*
*A sturdy hand to hold on to In times of stress and strife.*
*A true friend we could turn to When times were good or bad*
*One of our greatest blessings The man we called BAPPA*
*A true Gentlemen, Sophisticated and wise, full of warmth*
*and care and invalueable advice full of myriad experience.*
*A man whom we respect. Forever and always...*

ON BEHALF OF MANAGING COMMITTEE, CONTACT MEMBERS, KARYALAY SAMITI

President
**Shri. Hemil Jayesh Hemraj Dand**
Ghatkopar (Varadia)

Secretary
**Kum. Ekta Udayan Lalji Lodaya**
Mulund (Moti Sindhodi)

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

**(ZERO DEP COVER ALSO AVAILABLE)**



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO Gyatimaiya Weekly E-magazine KDO